ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

મંગળવાર ૧૭ નવેમ્બર, ૨૦૨૫ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

સારવાર દરમિયાન પતિનું મોત : પોલીસે અકસ્માતે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

લીમખેડાના ચૈડિયા ગામે પટેલ ફળિયામાં માટીની દિવાલ ધસી પડતા દંપતી દબાયું

સ્થાનિક લોકોએ તાત્કાલિક 108 બોલાવી ઇજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા.

(પ્રતિનિધી) દાહોદ, તા.16

લીમખેડા તાલુકાના ચૈડિયા ગામે પટેલ ફળિયામાં માટીથી બનાવેલ ઘરની દિવાલ આકસ્મિક રીતે ધસી પડતાં સર્જાયેલી દુર્ઘટનામાં દિવાલ નજીક લાકડા ગોઠવી રહેલ દંપત્તિ પર દિવાલ પડતા બંનેને ગંભીર ઈજાઓ થતાં તેઓ બંનેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા જ્યાં દંપત્તિ પૈકી પતિનું સારવાર દરમિયાન મોત નીપજયાનું સત્તા વાર રીતે જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચૈડીયા ગામના પટેલ ફળિયામાં રહેતા ૩૯ વર્ષીય નજરભાઈ પ્રતાપભાઈ માવી તથા તેની પત્ની સબુબેન નજરભાઈ માવી ગઈ કાલ તારીખ ૧૫ નવેમ્બરના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે પોતાના ઘરની માટી થી બનાવેલ દિવાલ નજીક લાકડા ગોઠવી રહ્યા હતા. એ દરમિયાન આકસ્મિક રીતે ઘરની માટીની દિવાલ ધરાશાયી થઈ લાકડા ગોઠવી રહેલ દંપત્તિ પર પડતાં બંને પતિ પત્નીને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી સ્થળ પર દોડી આવેલા આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ બોલાવી ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે લીમખેડા સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન નજરભાઈ પ્રતાપભાઈ માવીનું મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર નજરભાઈ પ્રતાપભાઈ માવીના કાકા ચૈડીયા ગામના પટેલ ફળિયામાં રહેતા પર વર્ષીય સરતનભાઈ ભીખાભાઈ માવીએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતા લીમખેડા પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

વેજલપુર પેટ્રોલ પંપ આગળ બે બાઈક વચ્ચે અકસ્માતમાં એકને ઈજા

કાલોલ : ગોધરા વડોદરા હાઈવે વેજલપુર પેટ્રોલ પંપ આગળ આવેલ રામદેવજી મંદિર પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો જેમાં એક બાઈક ચાલક ને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી જ્યારે બીજા બાઈક ચાલક રોડ ઉપર પટકાયો હતો તેમાં તેનો આબાદ બચાવ થયો હતો વેજલપુર તરફથી બાઈક નં GJ 06 AN 2820 નો ચાલક વેજલપુર થી કાલોલ તરફ જઈ રહયો હતો તે સમયે રોંગ સાઈડ થી આવી રહેલ બાઈક નં GJ17 BQ 2850 ના ચાલક રોંગ સાઈડ આવતા બે બાઈક ધડાકા ભેર અથડાઈ હતી જેમાં રોંગ સાઈડ આવી રહેલા બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં નં GJ17 BQ 2850 ના ચાલક ને પગ ના ભાગે અથડાતા પગના ભાગે ઈજા થઈ હતી બીજા બાઈક ચાલક ને બાઈક ને નુકશાન થયું હતું જેથી બંને બાઈક ચાલક એ કોઈપણ જાતની તકરાર કર્યા વગર ઘટના સ્થળે થી રવાના થયા હતા.

સૂર્ય ઉપાસનાના આ પર્વમાં મોટી સંખ્યામાં ઉત્તર ભારતીય પરિવારો જોડાયા હતા

દાહોદમાં ઉત્તર ભારતના મહાપર્વ છઠ પૂજાની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



(પ્રતિનિધી) દાહોદ, તા.16

દિવાળી બાદ છઠના પર્વનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. છઠ પૂજા મુખ્યત્વે સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની ઉપાસનાનું પર્વ છે. આ પર્વમાં મહિલાઓ પોતાના સંતાનોના સુખી ભવિષ્ય, સારા સ્વાસ્થ્ય, સંતાન પ્રાપ્તિ, પતિના દીર્ઘાયુષ્ય તેમજ પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે ત્રણ દિવસ સુધી કઠિન ઉપવાસ રાખી પૂજા-અર્ચના કરે છે.છઠ પૂજાના ત્રીજા દિવસે સાંજે અસ્ત થતા સૂર્યદેવને મહિલાઓએ અઘ્ય અર્પણ કર્યું હતું. આ દરમિયાન પરંપરાગત રીતે પૂજાની સામગ્રી સાથે સૂર્યદેવની આરાધના કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ છાબ તળાવ પાસે બનાવેલ કૃત્રિમ તળાવ ખાતે એકત્રિત થયા હતા અને પાણીમાં ઊભા રહી સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરી પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ આજે વહેલી સવારે પણ છાબ તળાવ ખાતે ભક્તિભાવપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. ઉગતા સૂર્યદેવને અર્થ અર્પણ કરવા માટે વહેલી સવારથી જ મહિલાઓ અને શ્રદ્ધાળુઓ પૂજાની સામગ્રી સાથે તળાવ ખાતે પહોંચી ગયા હતા.

સૂર્યોદય થતાં જ પાણીમાં ઊભા રહી સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યું હતું અનેછઠ્ઠી મૈયાની પૂજા-અર્ચના કરી પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.આ સમગ્ર ધાર્મિક આયોજન દરમિયાન ઉત્તર ભારતીય પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા. પરંપરાગત મહિલાઓ, પૂજાની સામગ્રી અને સૂર્યદેવની આરાધનાથી છાબ તળાવનો માહોલ ભક્તિમય બની ગયો હતો.

પડી ગયેલું ઝુંપડું સુધારવાની ક્ષમતા, નથી છતાં નળ કર્નેક્શન માટે રૂપિયા ૫૦૦/- ભર્યા

ગરબાડામાં નવા નળ કનેક્શન માટે પાંચ માસથી ધરમધક્કા ખાતો આદિવાસી પરિવાર

(પ્રતિનિધી) દાહોદ, તા.૧૬

એક તરફ સરકાર આદિવાસીઓનો વિકાસ અને સમૃદ્ધિનો માર્ગ એટલે ગુજરાત સરકાર એવા મોટા મોટા બેનરો છપાવે છે અને આદિવાસીઓના વિકાસની મોટી મોટી વાતો કરે છે. ભગવાન બિરસા મુંડાની ૧૫મી જન્મ જયંતી પાછળ લાખો કરોડોનો ધુમાડો ઉડાવે છે. પરંતુ જમીની વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આવી જ એક કડવી વાસ્તવિકતાનો કિસ્સો ગરબાડામાં સામે આવ્યો છે.

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા મથક એવા ગરબાડાના ભાભોર ફળિયામાં રહેતા તેરસિંગભાઈ ભાભોર ફળફળાદી વેચીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે બીજી તરફ ગરબાડા નગરમાં હાલમાં થોડા સમય પહેલા જ નળ લાઈન નખાઇ છે જેમાંથી પોતાના ઘરનું નળનું કનેક્શન લેવા માટે આ ગરીબ આદિવાસી તેરસિંગભાઈ ભાભોર તારીખ ૨૭-૭-૨૦૨૬ ના રોજ નળ કનેક્શનના રૂપિયા ૫૦૦/-ભરી તેની પહોંચ મેળવી હતી.

તેમજ તેમના પડી ગયેલ ઝૂંપડપટ્ટાની આકારણીનો વેરો પણ તેઓ નિયમિત ભરી રહ્યા છે તેમ છતાં નળ કનેક્શનના નાણાં ભર્યા બાદ તેમને કનેક્શન આપવામાં ન આવતાં તેઓ દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં આ બાબતની રજૂઆત કરવામાં આવી હતી પરંતુ પહેલી વખતની રજૂઆતમાં તેઓએ ક્યારેય હાજર રહેવું તેની કોઈએ જાણ કરી ન હતી. ફરીવાર નળ કનેક્શન માટે તેઓએ તાલુકા સ્વાગતમાં અરજી કરી હતી જેના અનુસંધાનમાં તલાટી કમ મંત્રી દ્વારા જવાબ કરવામાં આવ્યો હતો કે તમારું ઝૂંપડું પાછલા ચાર પાંચ વર્ષથી પડી ગયેલ હોઇ તેથી તમને નળ કનેક્શન આપવામાં આવશે નહીં.

તમે ઝુંપડપટ્ટુ બનાવો પછી જ તમને નળ કનેક્શન આપવામાં આવશે. ઝૂંપડપટ્ટુ પડી ગયું હોવા છતાં તેનો નિયમિત વેરોભરનાર આ ગરીબ આદિવાસી પરિવારને શું પાણીની હું જરૂર નથી?

પ્લાસ્ટિક અને વેસ્ટ મટિરિયલ વધુ હોવાને કારણે

હાલોલ બાયપાસ રોડ પર ભંગારના ગોડાઉનમાં આગ લાગી



(પ્રતિનિધી) હાલોલ, તા.૧૬

પંચમહાલ જિલ્લાના હાલોલ બાયપાસ રોડ પર આવેલા એક સ્ક્રેપ ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ લાગવાની ઘટના બની છે. પ્લાસ્ટિક અને વેસ્ટ મટિરિયલ વધુ હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે.ઘટનાની જાણ થતા જ હાલોલ, કાલોલ તેમજ આસપાસની ખાનગી કંપનીઓના ફાયર ફાઇટરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર જવાનો દ્વારા આગ પર કાબૂ મેળવવાની સઘન કામગીરી ચાલી રહી છે.ભંગારના ગોડાઉનમાં પ્લાસ્ટિક અને અન્ય વેસ્ટ સામગ્રીનો જથ્થો મોટા પ્રમાણમાં હોવાથી આગ વધુ વકરી છે અને આકાશમાં દૂર-દૂર સુધી કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. આ ભારે ધુમાડાના કારણે સમગ્ર નગરજનો અને આસપાસના રહેવાસીઓને શ્વાસ લેવામાં તેમજ આંખમાં બળતરા જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ તો આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.ક્યાં કારણોસર આગ લાગી છે તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

950 મીટરના રસ્તાની 1.17 કરોડ રૂપિયાના ખર્ચે નવો માર્ગ બનશે

સુખસરમાં પંચાલ ફળિયાથી ભોજેલા બોર્ડરને જોડતા આર.સી.સી માર્ગનું ખાતમુહૂર્ત કરાયું



(પ્રતિનિધિ) સુખસર,તા.16

સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે પંચાલ ફળીયાથી કોલેજ રોડ થઈ ભોજેલા બોર્ડરને જોડતા માર્ગનું કૃષિમંત્રી રમેશભાઈ કટારા,પ્રદેશ મંત્રી શંકરભાઈ અમલીયાર તથા દાહોદ જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન નંદાબેન કટારા દ્વારા ખાતમુહર્ત કરવામાં આવતા શાળા કોલેજમાં અવર-જવર કરતા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ,વાહન ચાલકો સહિત રાહદારી ઓમાં ખુશી જોવા મળી રહી છે. સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર આફવા રોડ પંચાલ ફળિયાથી કન્યા શાળા,બી.એડ કોલેજ થઈ ભોજેલા સીમાડાને જોડતા 950 મીટર અંતરનો રસ્તો બિસ્માર બની જવા પામ્યો હતો. જેથી શાળા,કોલેજમાં અવર-જવર કરતા તેમજ રાહદારી અને વાહન ચાલકો માટે આ રસ્તા ઉપર મુશ્કેલી પડી રહી હતી.જેને ધ્યાને લઈ રસ્તા ના નવીનીકરણ માટે માંગ ઉઠતા સરકાર તથા સ્થાનિક વહીવટી તંત્રો દ્વારા ધ્યાન આપી આ રસ્તાનું નવીનીકરણ કરવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.આ આરસીસી માર્ગના નવીનીકરણના ખર્ચ પેટે 1.17 કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. તેમજ આ 950 મીટર રસ્તાની પહોળાઈ સાડા પાંચ મીટર રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.તેમજ આ રસ્તાની કામગીરી સમર્પણ કન્ટ્રક્શન લુણાવાડા દ્વારા આશિતભાઈ ઉર્ફે લાલાભાઈ પંચાલ દ્વારા કરવામાં આવનાર હોવાનું અને આ રસ્તાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર હોવાનું પણ જાણવા મળે છે.

અડાદરા ખાતે શ્રી વેજલપુર એકડા વિશા ખડાયતા વિકાસ મંડળનો ૨૯મો યુવક મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન



(પ્રતિનિધી) કાલોલ, તા.૧૬

શ્રી વેજલપુર એકડા વિશા ખડાયતા વિકાસ મંડળ દ્વારા આયોજિત તેમજ શ્રી અમૃતલાલ માણેકલાલ સખીદાસ શાહ અને અડાદરા સ્થાનિક પંચ દ્વારા પ્રેરિત ૨૯મો યુવક મહોત્સવ તારીખ ૧૫/૧૧/૨૦૨૬, રવિવારના રોજ શ્રી એમ.આર. હાઈસ્કૂલ, અડાદરા ખાતે અત્યંત ઉત્સાહ અને ભવ્યતાપૂર્વક સંપન્ન થયો છે.

આ પ્રસંગે ઉદ્ઘાટક તથા અતિથિ વિશેષ તરીકે હિતેશભાઈ બી. શાહ (કકુલભાઈ - વાપી), મુકેશકુમાર જી. શાહ (અંકલેશ્વર), સતિષભાઈ કે. શાહ (વાપી) અને પંકજકુમાર આર. શાહ (ડૉ. તેજસભાઈ શાહ - વડોદરા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર મહોત્સવનું આયોજન ખૂબ જ સુંદર, ચોકસાઈપૂર્વક અને માઈક્રો પ્લાનિંગ સાથે કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધાઓ કોઈપણ જાતના વાદ-વિવાદ કે અવ્યવસ્થા વગર નિર્વિઘ્ને પૂર્ણ થઈ હતી. મહેમાનો અને સ્પર્ધકો માટે બેઠક વ્યવસ્થા, ચા-પાણી અને ભોજન સહિતની તમામ સગવડોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. એન્કર નેહલભાઈ અને તેમના સહયોગી બહેને સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. કાર્યક્રમની ભવ્ય સફળતા બદલ વિકાસ મંડળના પ્રમુખ રાકેશકુમાર એન. શાહે ગૌરવની લાગણી વ્યક્ત કરતા મંડળ વતી સૌનો હાર્દિક આભાર માન્યો છે. તેમણે ચીફ કન્વીનર અતિરેકભાઈ શાહ, અડાદરા સ્થાનિક પંચના પ્રમુખ દીપકભાઈ શાહ, સ્થાનિક કન્વીનર વ્રજ શાહ, સ્થળ સંચાલક ગૌરાંગભાઈ શાહ તેમજ સૌમિલભાઈ, આશિત અને અડાદરાની સમગ્ર યુવા ટીમની મહેનતને બિરદાવી હતી. આ ઉપરાંત દૂર-દૂરના ગામ-શહેરોમાંથી પધારેલા સૌ સ્પર્ધકો, નિર્ણાયકશ્રીઓ, સંચાલકો અને સાઉન્ડ સિસ્ટમનો પણ આભાર માની ભવિષ્યમાં પણ આવો જ સહકાર મળતો રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

બેઠીયા અને ખંડોળી ગામના મંદિરો હરિભક્તો ઉમટ્યા

કાલોલ તાલુકામાં ઠેરઠેર જલારામ જયંતિ ઉજવાઈ



(પ્રતિનિધી) કાલોલ, તા.૧૬

કાલોલ તાલુકાના ખંડોળીધામ ખાતે આવેલા સુપ્રસિધ્ધ જલારામ બાપાનું મંદિર કાલોલ, હાલોલ તેમજ સાવલી તાલુકા પંથકના અનેક ગામોના ભક્તજનોની આસ્થાનું ધામ છે, જેથી ત્રણેય તાલુકાના ભાવિ ભક્તોએ એક સપ્તાહથી બાપ્પાની જન્મજયંતીની ઉજવણી કરવાની તડામાર તૈયારીઓ આદરી હતી. આ વર્ષે બેઢીયા તૃતીય પાટોત્સવ નિમિત્તે જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતી નિમિત્તે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા ભવ્ય ઉજવણી ભાગરૂપે મંદિરને સુશોભિત કરીને પુષ્પોની રંગોળી આદરીને વહેલી સવારથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડતાં પુર્વતૈયારીઓ સાથે સ્વયંસેવકો તૈનાત રહ્યા હતા. બુધવારે ખંડોળીધામ ખાતે એક લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓ દર્શન અને મહાપ્રસાદી માટે ઉમટી પડ્યા હતા.

સિંગવડ નગરના ગુરુ ગોવિંદ ચોક ખાતે ભગવાન બિરસા મુંડાજીની 151 જન્મ જયંતી પર મૂર્તિનું અનાવરણ કરાયું



સિંગવડ: સિંગવડ નગરના ગુરુ ગોવિંદ ચોક ખાતે ભગવાન બિરસા મુંડાજીની 151મી જન્મ જયંતી - જનજાતિ ગૌરવ દિવસ નિમિત્તે ભગવાન બિરસા મુંડાજીની મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર દ્વારા મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું સાથે ફૂલ માળા પહેરાવી ભગવાન બિરસા મુંડાજીને નમન કર્યા હતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો, આગેવાનો, કાર્યકરો અને આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના બલિદાન અને આદિવાસી સમાજ માટેના યોગદાનને યાદ કર્યું હતું.

પીપલોદથી દેવગઢ બારિયા સુધીનો સ્ટેટ હાઇવે બિસ્માર

ઠેરઠેર મસમોટા ખાડામાં વાહનો પછડાતા મુસાફરોને અકસ્માતનો ભય

વારંવારની રજૂઆતો છતાં માર્ગનું સમારકામ નહીં થતાં સ્થાનિકોમાં રોષ



(પ્રતિનિધી) દાહોદ, તા.16

દાહોદ જિલ્લાના પીપલોદથી દેવગઢ બારિયા સુધીનો સ્ટેટ હાઇવે હાલ અત્યંત બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. માર્ગ ઉપર ઠેરઠેર મોટા મોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાની હાલત એટલી ખરાબ છે કે વાહન લઈને પસાર થવું પણ જોખમી બન્યું છે. આ માર્ગ ઉપર દરરોજ મોટી સંખ્યામાં ખાનગી વાહનો, એસટી બસો, સ્કૂલ વાહનો તેમજ અન્ય ભારે વાહનોની અવરજવર રહે છે. ખાસ કરીને 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓને પણ આ માર્ગ પરથી પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે. રસ્તા ઉપર ખાડાઓને કારણે વાહનો ધીમી ગતિએ ચલાવવા પડે છે, જ્યારે વાહનો પસાર થતાં ધૂળની ડમરીઓ પણ ઊડતી જોવા મળે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ માર્ગની ખરાબ હાલત અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નથી. જેના કારણે રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. હવે સવાલ એ ઊભો થાય છે કે સંબંધિત માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ગંભીર સમસ્યાને ક્યારે ધ્યાનમાં લેવામાં આવશે? શું કોઈ મોટી દુર્ઘટના બને ત્યારબાદ જ તંત્ર જાગશે? પીપલોદથી બારિયા સુધીના આ માર્ગનું નવીનીકરણ ક્યારે શરૂ થશે તે જોવું રહ્યું.

જુદીજુદી જ્ઞાતિના હોઇ સમાજ સ્વીકારશે નહિ તેવી બીકથી આપઘાત કર્યો

લીમખેડાના દાતિયા ગામે પંખીડાઓએ રેલ્વે ટ્રેક પર ટ્રેન નીચે પડતું મૂક્યું

(પ્રતિનિધી) દાહોદ, તા.૧૬

એક બીજાના પ્રેમમાં ગળા ડુબ બે સગીર પ્રેમી પંખીડા અલગ અલગ જ્ઞાતિના હોવાથી અને છોકરીનુ જ્ઞાતિના છોકરા જોડે સગપણ કરેલ હોઈ, જેથી તેઓના લગ્ન સામાજિક રીતે થાય તેમ ન હોવાથી આવતા જન્મમાં સાથે રહેવાના કોલ સાથે બંને પ્રેમી પંખીડાઓએ પોતાનું જીવન ટૂંકાવવા લીમખેડા ના દાંતિયા માળી ગામે મોડી રાતે રેલ્વે ટ્રેક પર આવી, ત્યાંથી પસાર થતી ચાલુ ટ્રેન સાથે અથડાઈ આત્મહત્યા કરી લીધાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના નાની હાંડી ગામના નિશાળ ફળિયામાં રહેતા નિકેશભાઈ જેમાલભાઈ કટારાની સગીર પુત્રી ૧૭ વર્ષીય ઉર્વીબેન કટારા અને લીમખેડા તાલુકાના વલુંડી ગામના ૧૭ વર્ષીય જીગ્નેશ કુમાર શૈલેષભાઈ બારીયા વચ્ચે પ્રેમ સંબંધ હોઈ પરંતુ ઉર્વીબેનનું સગપણ જ્ઞાતિના બીજા અન્ય છોકરા સાથે કરેલ હોવાથી, અને બંને પ્રેમી પંખીડા અલગ અલગ જ્ઞાતિના હોવાથી સામાજિક રીતે તેમના લગ્ન થાય તેમના હોવાથી તેઓ બંનેએ એક સાથે આત્મહત્યા કરી લેવાનું વિચારી ગઈકાલે મોડી રાતના ત્રણેક વાગ્યાના સુમારે વાગ્યાના સમારે બંને પ્રેમી પંખીડાઓ પૂર્વીબેન તથા જીગ્નેશ કુમાર લીમખેડા ના દાતિયા માળી ગામે રેલવે ટ્રેક પર ગયા હતા અને ત્યાંથી પસાર થતી ચાલુ ટ્રેન સાથે અથડાઈ પોતાનું જીવતર ટૂંકાવી લીધું હતું.

ફતેપુરા નો પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

પોતાના પરિવાર,કુટુંબ અને સમાજને વ્યસન મુક્ત બનાવી બચત કરવાનો શુભારંભ કરવા આહ્વાન કરાયું



(પ્રતિનિધી) સુખસર, તા.૧૬

આદિવાસી સમાજ બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. ફતેપુરાનો પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સભાસદ ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા.સૌપ્રથમ ભગવાનને યાદ કરી અને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.મંત્રી શૈલેષભાઈ પારગી દ્વારા એજન્ડા મુજબની વિગતવાર મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સભાસદોની સંખ્યા અને વિસ્તાર વધારવા બાબત,વાર્ષિક કેલેન્ડર બનાવવા બાબત,ધિરાણ આપવા બાબત જેવા મુદ્દાઓની ચર્ચા વિચારણા અને આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સમાજને સમર્પિત સરદાર સાહેબ દ્વારા બચત મહત્વ બચત કેવી રીતે કરી શકાય,અન્ય વિકસિત સમજવામાં કેવી રીતે બચત કરીને પોતાના કુટુંબ પરિવાર અને સમાજને ઉત્થાન કરી રહ્યા છે જેવી બાબતોને ખુબ સુંદર માહિતી આપી હતી.સાથે શંકરભાઈ કટારા પોતાની રમુજી શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું.જેમાં આ વિસ્તારમાં લોકો ખૂબ વ્યસન કરે છે અને જેનાથી શારીરિક,આર્થિક અને માનસિક રીતે ખૂબ નુકસાન થાય છે.આર્થિક નુકસાનની ગણતરી કરતા તેમણે જણાવ્યું કે એક માણસ રોજના રૂપિયા 20 નો ખર્ચ કરે તો 1 વર્ષમાં રૂપિયા 7,3 00 ,5 વર્ષમાં રૂપિયા 68,600, 10 વર્ષમાં રૂપિયા 1,45,800, 20 વર્ષમાં રૂપિયા 7,29,000 અને 30 વર્ષમાં 30,61,800 રૂપિયાનો ખર્ચ વ્યસન ની પાછળ બરબાદ કરતો હોય છે.